## અમારો સંપર્ક સાધવો

Contact a Family નો સંપર્ક સાધો:
**0808 808 3555**
સોમવાર - શુક્રવાર સવારે 10 થી સાંજે 4 સુધી અને સોમવારે સાંજે 5.30 થી 7.30 ખુલે છે.
**આ કોલ મફત થાય છે**

અમે કુટુંબના સભ્યો, મિત્રો અથવા કુટુંબને સારી રીતે જાણતા હોય તેઓ દરેકને માહિતી આપવા રાજી છીએ.

ઓનલાઈન :
**www.cafamily.org.uk**
**www.makingcontact.org**

આ માહિતીપત્રિકાનો અન્ય ભાષામાં અનુવાદ Contact a Family, પાસેથી ઉપલભ્ય છે.

## ટેલિફોન ઈન્ટરપ્રિટરની સેવા

તમે Contact a Familyનો સંપર્ક સાધીને 100 કરતા વધુ ભાષાઓમાં યોગ્યતા મેળવેલ ઈન્ટરપ્રિટરની સુવિધા મેળવી શકો છો.

આ સેવાનો ઉપયોગ કરવા માટે :

- Contact a Familyને **0808 808 3555** ઉપર ટેલીફોન કરો
- તેઓને તમારો ટેલીફોન નબંર આપો
- તમને કઈ ભાષામાં મદદ જોઈએ છે તે જણાવો
- જો તમે થોડુ અંગ્રેજી જાણતા હો, તો તમને કેવા પ્રકારની મદદ મેળવવી છે તે વિષે તેઓને અંગ્રેજીમાં કહો
- થોડી મીનીટોમાં તમને મદદ કરવા માટે કોઈ એક ઈન્ટરપ્રિટરની સાથે તમને ટેલિફોન કરશે.

Prestige Network

LOTTERY FUNDED

This leaflet has been produced as part of the *Parents and Paediatricians Together* project and funded by the Big Lottery Fund.

Registered Office: 209-211 City Road,
London EC1V 1JN
Registered Charity Number: 284912
Company limited by guarantee
Registered in England and Wales No. 1633333
VAT Registration No. GB 749 3846 82

આ માહિતી પુસ્તિકા ખરી છે તેની ખાતરી કરવા માટે માહિતી ભેગી કરવા અને તૈયાર કરવામાં ઘણીં કાળજી લેવામાં આવી છે, અને કોઈ ભુલો અથવા માહિતી રહી ગઈ હોય તો Contact a Family તેની જવાબદારી નહીં લઈ શકે.

How Contact a Family might help – Gujarati version

© Contact a Family, January 2007

contact a family
for families with disabled children

તમારા બાળકને આ કોઈ મુશ્કેલીઓ છે?



શિખવાની





સાંભળવાની



વર્તણૂંક

વાચા



શારિરીક





તબિબિ બિમારી



દ્રષ્ટિ

# Contact a Family કેવી રીતે મદદ કરી શકે

ઓર્ડર કોડ: C4

Parents & Paediatricians together

Contact a Family, The Royal College of Paediatrics and Child Health સાથે કામ કરે છે.

## તમારા બાળકને નીચેની કોઇ મુશ્કેલીઓ છે?

**સાંભળવામાં**
તમારૂ બાળક બધીર છે અથવા તેઓને સાંભળવામાં મુશ્કેલી છે?

**જોવામાં**
તમારૂ બાળક અંધ છે અથવા સારી રીતે જોઇ નથી શકતુ?

**વાચા**
તમારા બાળકને અન્ય લોકો સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડે છે?

**શારિરીક અક્ષમતા**
તેઓને શરિરના અમુક ભાગોનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડે છે? દા.ત. ચાલવા માટે, વસ્તુઓ પકડવા માટે, સંડાસ જવા માટે?

**શિખવુ**
તેઓને સરળ સૂચનાઓ સમજવામાં મુશ્કેલી પડે છે?

**વર્તણૂંક**
તેઓની વર્તણૂંક તેઓને પોતાને અથવા અન્ય લોકોને માટે સમસ્યા ઉભી કરે છે?

**તબિબિ બિમારી**
તેઓને રોજીંદી જીંદગી ઉપર અસર કરતી હોય તેવી તબિબિ બિમારી છે?





## જો તમને મદદની જરુર હોય તો Contact a Familyનો સંપર્ક સાધો

Contact a Family એક એવી સંસ્થા છે કે જે તેઓના બાળકોની તબિબિ બિમારીને કારણેં વધારાની મદદની જરુર હોય તેવા કુટુંબોને માહતી અને મદદ પૂરી પાડે છે. Contact a Family સરકારનો એક ભાગ નથી અને જો તમે ઇચ્છો તો તે નામ આપ્યા વગર અમારો સંપર્ક સાધી શકો છો.

તમે ઘણાં વિષયો ઉપર સલાહ અને માહિતી મેળવવા માટે Contact a Familyનો સંપર્ક સાધી શકો છો, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

**શિક્ષણ**
અમે તમારા બાળકને સ્કૂલમાં મદદ કરવા માટે વધારાની મદદ મળી શકે કે નહીં તે જાણવામાં મદદ કરી શકીએ છીએ.

**તબિબિ માહિતી**
અમે સામાન્યરીતે બાળકની બિમારી વિષે સલાહ પુરી પાડી શકીએ છીએ અને તમને મદદ કરી શકે તેવા સપોર્ટ ગ્રૂપો સાથે પણ સંપર્ક કરવામાં પણ મદદ કરી શકીએ છીએ.

**વર્તણૂંક**
જો તમારા બાળકની વર્તણૂંક તમને ચિંતા પેદા કરતી હોય તો અમે તમને તેઓની વર્તણૂંકને સમજવા તથા તેની ઉપર અંકુશ રાખવા માટે માહિતી અને મદદ પૂરી પાડી શકીએ છીએ.

**તમારા ઘરમાં સાધન**
અમે તમને સાધનોને લગતી મદદ તમે કેવી રીતે મેળવી શકો છો અને તમારા બાળકની સંભાળ રાખવામાં સરળતા કરી આપવા માટે કામ કરવા માટે મદદ ક્યાંથી મેળવવી તે વિષે જાણ કરી શકીએ છીએ.

**ટ્રાન્સપોર્ટ (પરિવહન)**
અમે તમને અને તમારા બાળકને બહાર નિકળવામાં મદદ કરવા માટે શું ઉપલભ્ય છે તે જાણવામાં મદદ કરી શકીએ છીએ.

**તમારા બાળકની સંભાળમાં મદદ કરવા માટે ટુંકો આરામ (શોર્ટ બ્રેક્સ)**
અમે તમને સ્થાનિક સેવાઓનો સંપર્ક કરાવી શકીએ છીએ કે જેઓ કદાચ થોડાક કલાકો માટે તમારા બાળકની સંભાળ રાખવા માટે કોઇની મદદ પૂરી પાડી શકે છે અથવા કદાચ રાતવાસાની મદદ પૂરી પાડી શકે છે કે જેથી તમે આરામ કરી શકો.

**રજાઓ અને નવરાશની પ્રવૃત્તિ**
અમે તમને સ્થાનિક જગ્યાઓ વિષે માહિતી પૂરી પાડી શકીએ છીએ કે જ્યાં તમે તમારા બાળકને લઇ જઇ શકો છો અને આનંદ કરી શકો છો. અમે તમને રજાઓ શોધવા અને તેનો ખર્ચ ચુકવવા વિષે મદદ કેવી રીતે મેળવવી તે વિષે પણ જાણ કરી શકીએ છીએ.

**શિક્ષણ મેળવવુ છે અથવા કામે જવુ છે**
જો તમારે નોકરી અથવા કામ શોધવા માટે તાલિમ મેળવવી હોય તો અમે તમને યોગ્ય બાળસંભાળ શોધવા માટે માહિતી પૂરી પાડી શકીએ છીએ. જો તમે કામે પાછા જવાનું નક્કી કરો તો અમે તમને રોજગારને લગતા તમારા હક્કો પણ જણાવી શકીશું.

**પૈસા**
અમે તમે કદાચ મેળવવા માટે યોગ્યતા ધરાવતા હો તેવી નાણાંકિય મદદ વિષે તમને જાણ કરી શકીશું.

**કરજ**
જો તમને તમારા બીલો ચૂકવવામાં મુશ્કેલી પડતી હોય તો અમે તમને મદદ કરી શકે તેવી સંસ્થાનો સંપર્ક કરાવી આપી શકીશું.

**અન્ય કુટુંબો સાથે સંપર્ક**
અમે તમને તમારા બાળક જેવી જ બિમારી હોય તેવા બાળકોના માતાપિતા સાથે સંપર્ક કરાવી આપી શકીશું અથવા તમારી નજીક રહેતા તમારા જેવીજ સમસ્યાઓ ધરાવતા માતાપિતાનો સંપર્ક કરાવી આપી શકીશું.



ફ્રીફોન હેલ્પલાઇન: **0808 808 3555**
વેબ: **www.cafamily.org.uk**